## વડીલોને વંદન
## અભિનંદન



સીમાબેન હસમુખભાઈ પટેલ
(૧૯૫૪) મો. ૯૯૭૯૫૦૫૭૪૫

## ઓલ ઈન્ડિયા પ્રિસાઈન્ડીંગ ઓફિસર્સ કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમિટીમાં ગણપતસિંહ વસાવાની સભ્ય તરીકે પુનઃ નિયુક્તિ

અમદાવાદ, તા.૧

લોકસભાના અધ્યક્ષા સુમિત્રા મહાજનજીએ લોકસભાની નવરચિત ઓલ ઈન્ડિયા પ્રિસાઈન્ડીંગ ઓફિસર્સ કોન્ફરન્સની સ્ટેન્ડિંગ કમિટીમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ ગણપતસિંહ વસાવાની સભ્ય તરીકે નિયુક્તી કરેલ છે. જેની જાણલોકસભા સચિવાલય તરફથી કરવામાં આવેલ છે.આ સ્ટેન્ડીંગ કમિટી લોકસભાની હાઈપાવર કમિટી હોય છે. જેમાં લોકસભાના અધ્યક્ષ હોદ્દાની રૂએ ચેરમેન તથા લોકસભાના ઉપાધ્યક્ષ અને રાજયસભાના ઉપસભાપતિ હોદ્દાની રૂએ તેના ડેપ્યુટી ચેરમેન તરીકે બિરાજે છે. કુલ ૧૦ સદસ્યો ધરાવતી આ સમિતિમાં ગુજરાત વિધાનસભાના ગણપતસિંહ વસાવા સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. વસાવા આ અગાઉની સ્ટેન્ડીંગ કમિટીમાં પણ સદસ્ય તરીકે હતા. તેઓનોસંસદીય બાબતોનો વિશાળ અનુભવતેમજ કાર્યદક્ષતાને ધ્યાને લઈ તેઓની આ વખતે પુનઃ નિયુક્તિ કરવામાં આવી છે.

## ગોરલની સગીરાનું અપહરણ કરાતા એક વિરૂધ્ધ ફરિયાદ

ગોરલ ગામના પ્રકાશભાઈ શંકરભાઈ પ્રજાપતિની ૯ વર્ષની દિકરી સપનાબેન શુક્રવારે ઘરની પાછળ રમતી હતી ત્યારે લક્ષ્મણગઢના સુરેશભાઈ જોઈતાભાઈ પટેલે આવી અગમ્ય કારણોસર આ સગીરાનું અપહરણ કરી લઈ ગયા હતા. જે અંગે પરિવારજનોએ સુરેશભાઈ પટેલ વિરૂધ્ધ શનિવારે ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# માલપુર જાયન્ટસ પ્રીમીયર લીગની ફાઈનલ મેચનું ભવ્ય સમાપન : સતત ૩૭ દિવસ ક્રિકેટ ટૂર્નામેન્ટ યોજાઈ

ઈસરી, તા. ૧

સમગ્ર ગુજરાત રાજયમાં ઉનાળાની શરૂઆત થતાં અને વેકેશન દરમ્યાન ઠેર-ઠેર ડે-નાઈટ ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવે છે. જાયન્ટસ ગ્રુપ ઓફ માલપુર દ્વારા યોજાયેલી ક્રિકેટ ટૂર્નામેન્ટમાં મેઘરજ વચ્ચે ફાઈનલ મેચ માલપુરની પી.જી. મહેતા હાઈસ્કૂલના ગ્રાઉન્ડમાં અંદાજે ૫ હજાર જેટલી મેઘરજ, માલપુર તાલુકાના પ્રજાજનોની ઉપસ્થિતિ વચ્ચે યોજાઈ હતી. બન્ને ટીમો વિજેતા બનવા મરણીયા પ્રયાસ કર્યો હતો. બન્ને ટીમોએ ગુજરાતના રનર્સઅપ ટીમને ટ્રોફી ડાયન્ટસ ગ્રુપ ઓફ ફેડરેશન થ્રીસીના ઉપપ્રમુખ નિલેષભાઈ જોષી દ્વારા એનાયત કરવામાં આવી હતી. જ્યારે વિજેતા ટીમને સુરેન્દ્રસિંહ રાઠોડ (ચકાચકબાપુ), જશુભાઈ પટેલ (અરવલ્લી જિલ્લા પંચાયત સદસ્ય),



અરવલ્લી, સાબરકાંઠા, મહિસાગર જિલ્લાની ૬૫ ટીમોએ ભાગ લીધો હતો અને સતત ૩૭ દિવસ સુધી ટૂર્નામેન્ટમાં વિવિધ ટીમો વચ્ચે મેચ રમાઈ હતી જેમાં ૩૧ મે એ ઓમ સાંઈ ઈલેવન માલપુર અને ઈગલ ઈલેવન વચ્ચે ફાઈનલ મેચ રમાઈ હતી. જેમાં ઈગલ ઈલેવન વિજેતા બની હતી.

જાયન્ટસ ગ્રુપ ઓફ માલપુર દ્વારા આયોજીત માલપુર જાયન્ટસ પ્રીમીયર લીગ ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગઈકાલે ૩૧ મે એ ઓમ સાઈ ઈલેવન માલપુર અને ઈગલ ઈલેવન ટેનીસબોલ ક્રિકેટના સર્વશ્રેષ્ઠ ક્રિકેટરોથી ભરપુર હોવાથી પ્રેક્ષકો ઉમટી પડ્યા હતા. જેમાં ઈગલ ઈલેવન ટોસ જીતી પહેલી બેટીંગ કરી ૧૭૮ રન બનાવ્યા હતા ત્યારે ઓમ સાઈ ઈલેવન ૧૭૯ રન બનાવવા અંતિમ ઓવર સુધી મરણીયો પ્રયાસ કર્યો હતો. પરંતુ ૧૯ રને ઓમ સાઈ ઈલેવનનો પરાજય થયો હતો. જ્યારે વિજય બનેલી ઈગલ ઈલેવન ટીમના ખેલાડીઓ ઝુમી ઉઠ્યા હતા.

જાયન્ટસ ગ્રુપ ઓફ માલપુર દ્વારા વિજેતા ટીમ અને રનર્સઅપ ટીમને ટ્રોફી અને રોકડ ઈનામ આપવામાં આવ્યું હતું. જેમાં રાકેશ પટેલ (પ્રમુખ જાયન્ટસ ગ્રુપ મોડાસા), દિનેશ ઉપાધ્યાય અને નિકેશ પરમાર તથા અન્ય આમંત્રિત મહેમાનો દ્વારા ટ્રોફી તેમજ રોકડ રકમ સુરેશભાઈ સોની (જાયન્ટસ પ્રમુખ, માલપુર) દ્વારા એનાયત કરવામાં આવી હતી.

માલપુર જાયન્ટસ પ્રીમીયર લીગને સફળ બનાવવા સુરેશભાઈ સોની (પ્રમુખ), સુરેન્દ્રસિંહ રાઠોડ (ડાયરેક્ટર, ફેડરેશન થ્રીસ જાયન્ટસ ગ્રુપ), હાલાજી વણઝારા, અનીરૂદ્ધસિંહ વિરપુરા, જીગ્નેશભાઈ ભટ્ટ તથા માલપુર જાયન્ટસ ગ્રુપના સદસ્યો દ્વારા ભારે મહેનત કરવામાં આવી હતી.

# મોનસુનની ઉત્સુક્તાની વચ્ચે તીવ્ર ગરમીનું પ્રમાણ યથાવત

## રાજયમાં સૌથી વધુ ગરમી સુરેન્દ્રનગરમાં ૪૩.૮ ડિગ્રી

અમદાવાદ, તા.૧

મોનસુનને લઈને હવે ઉત્સુક્તાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે ત્યારે અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં તીવ્ર ગરમી હજુ પણ પડી રહી છે. અલબત્ત તાપમાનમાં ઉતારચઢાવની સ્થિતિ જોવા મળી રહી છે.

આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૨.૪ ડિગ્રી રહ્યું હતું જે ગઈકાલની સરખામણીમાં ઓછું છે. એટલે કે આજે ગઈકાલની સરખામણીમાં ઓછો ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. પરંતુ ચાલુ દિવસ હોવાના પરિણામ સ્વરૂપે લોકોને બપોરના ગાળામાં તીવ્ર ગરમીનો અનુભવ કરવાની ફરજ પડી હતી. કારણકે લોકોને કારોબાર માટે બહાર નિકળવાની ફરજ પડી હતી. આજે જે વિસ્તારમાં પારો ૪૩થી ઉપર રહ્યો હતો તેમાં એકમાત્ર સુરેન્દ્રનગરનો સમાવેશ થાય છે જ્યાં મહત્તમ તાપમાન ૪૩.૮ ડિગ્રી રહ્યું હતું. જ્યારે ૪૨થી વધુ તાપમાન અનેક વિસ્તારમાં જોવા મળ્યું હતું. જેમાં અમદાવાદ, ડિસા, ગાંધીનગર અને ઈડરનો સમાવેશ થાય છે. મોનસુનમાં વિલંબની સ્થિતિ સર્જાઈ છે. હજુ મોનસુનની એન્ટ્રી થવામાં કેટલાક દિવસ લાગી શકે છે. આ સ્થિતિ યથાવત રહે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. બીજી બાજુ નીચલી સપાટીએ પશ્ચિમી પવનો ફુંકાઈ રહ્યા છે.

આવતીકાલે પારો ૪૧ની આસપાસ રહેશે તેવી આગાહી કરાઈ છે. ગરમી સંબંધિત રોગના બનાવમાં વધારો થયો છે. ગરમીથી બચવા તમામ પ્રયાસો થઈ રહ્યા હોવા છતાં કાળઝાળ ગરમીના કારણે જુદા જુદા રોગના કેસમાં વધારો થઈ રહ્યો છે. બપોરના ગાળામાં ટ્રાફિકજામની સ્થિતિ જોવા મળી ન હતી. રસ્તાઓ સુમસામ દેખાયા હતા. છેલ્લા કેટલાંક દિવસથી પડી રહેલી ભીષણ ગરમી સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત કરી નાખ્યું છે. તીવ્ર ગરમીના કારણે લૂ લાગવાના બનાવો અને પાણીજન્ય રોગના કેસમાં હાલમાં વધારો થયો છે.ખાનગી અને સરકારી હોસ્પિટલ ગરમી સંબંધિત રોગના દર્દીઓથી હાઉસફુલ છે. ઈમરજન્સી દ્વારા જારી કરવામાં આવેલા આંકડા સાબિત કરે છે કે, મે મહિનામાં તીવ્ર ગરમીના પરિણામ સ્વરુપે ઈમરજન્સીના ઘણા કેસ નોંધાયા છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પણ ગરમીથી બચવા માટે વિવિધ પગલા લેવામાં આવ્યા છે. એક્શન પ્લાન અમલી બનાવી દેવામાં આવ્યા છે. બાગબગીચા ખુલ્લા રાખવામાં આવી રહ્યા છે. જો કે, ખાનગી અને સરકારી હોસ્પિટલમાં મોટી સંખ્યામાં લોકો પહોંચી રહ્યા છે.

# અમદાવાદ : ફરી હિટ એન્ડ રનના બે બનાવમાં ૩ના મોત

## શાહઆલમ ચંડોળા તળાવની પાસે બનેલી ઘટનામાં બેના કરૂણ મોત થયા અને નવ લોકો ઘાયલ થતાં ભારે ચકચાર

અમદાવાદ, તા.૧

અમદાવાદ શહેરમાં બે સ્થળોએ આજે વધુ હિટ એન્ડ રનની ઘટના બનતા સનસનાટી મચી ગઈ હતી. આ બનાવમાં કુલ ત્રણ લોકોના મોત થયા હતા નવ લોકો ઘાયલ થયા હતા. શહેરના શાહઆલમ પાસે બનેલા હિટ એન્ડ રનના બનાવમાં બેના મોત થયા હતા અને ૯ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. એસ.જી.હાઈવે પર હિટ એન્ડ રનની બનાવમાં એક રાહદારીનું મોત નિપજ્યુ હતું.

અમદાવાદના શાહઆલમ વિસ્તારમાં ચંડોળા તળાવ પાસે બનેલી હિટ એન્ડ રન બનાવમાં પિતા-પુત્રનું કમકમાટી ભર્યું મોત નિપજ્યુ હતું. તેમજ ઈજા પામેલા ૯ લોકોને સારવાર અર્થે એલ.જી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ બનાવમાં પિતા ફેઈઝ મહમદ શેખ અને પુત્ર ફેઝલનું મોત નિપજ્યુ હતું અને ઈજાગ્રસ્ત થયેલ લોકોને ફિરોઝભાઈ (ઉ.વ.૨૧), રહીમભાઈ (ઉ.વ.૫૦) એલ.જી. હોસ્પિટલમાં ખસેડાયા હતા. તેમજ નરસિબાનું શેખ (ઉ.વ.૬૦), સૌકત મણિયાર (ઉ.વ૪૦) અને લલુરી શેખ (ઉ.વ.૭૦)ને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. સ્થાનિકો મુજબ લોકો રસ્તા પર પેંડલરિક્ષા, ખાટલા અને નીચે સુતા હતા તે દરમિયાન મોડી રાત્રે ૨:૩૦ થી ૩:૦૦ વાગ્યામાં બેફામ ગતિએ આવેલી એક બ્લેક કારે સૂતેલા લોકોને અડફેટે લીધા હતા તે પછી કાર ચાલક નાસી છૂટ્યો હતો. આ ઘટનાની જાણ ઈસનપુર પોલીસને કરતાં ઘટનાસ્થળે દોડી આવી હતી. તેમજ એફએસએલની મદદથી તપાસ શરૂ કરી હતી. પોલીસ મુજબ, આ હિટ એન્ડ રની ઘટનામાં મહિન્દ્રાકારે ટક્કર મારી હોવાની શંકા છે. જો કે સીસીટીવી ફુટેજની તપાસ ચાલુ છે. એફએસએલના પ્રાથમિક તપાસ દરમિયાન કાર ૮૦થી ૧૦૦ની સ્પીડે જતી તેમજ ૪૦ ફુટ સુધી કાર ઘસાડાઈ હોવાનું અનુમાન છે.

આ અંગે પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે. જ્યાં બીજી બાજુ એસ.જી. હાઈવે પર મોડી રાત્રે ત્વરિત ઝડપે પસાર થતી કારે અડફેટે લેતા રાહદારીનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યુ હતું. હિટ એન્ડ રન ઘટના બાદ કાર ચાલક ફરાર થઈ ગયો હતો આ ઘટનાની જાણ કરતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી આવી હતી. તેમજ પોલીસે ઘટનામાં અકસ્માતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટન માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. પ્રયક્ષદર્શી અને ફરિયાદી વિજયભાઈ ભરવાડ મુજબ, ઈસ્કોન સર્કલમાં મોડી રાત્રે અજાણ્યા યુવક રોડ ક્રોસ રી રહ્યો હતો તે દરમિયાન ત્વરિત ઝડપે કાર પસાર થતાં કાર ચાલકે અજાણ્યા યુવકને અડફેટે લીધા હતા. જેમાં યુવકને માથાના ભાગે ગંભીર ઈજા થતાં તેનું ઘટના સ્થળે કરૂણ મોત નિપજ્યુ હતું. પોલીસે ઈસ્કોન સર્કલ પાસે આવેલા શો-રૂમ અને મોલમાં લગાવેલા સીસીટીવી ફુટેજના આધારે તપાસ હાથ ધરી છે. આ ઉપરાંત અમદાવાદ શહેરના જીવરાજપાર્ક બ્રીજ પર મોડી રાત્રે રોંગ સાઈડમાં ત્વરિત ઝડપે પસાર થતા એક કાર બ્રિજની રેંલિગ સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં કારચાલક બચી ગયેલ છે. જો કે, કાર ચાલકને સામાન્ય ઈજાઓ થવાથી સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

સૂત્રો મુજબ ગત મોડી રાત્રે શ્યામલ સર્કલથી જીવરાજ તરફ જવાના રોડ પર આવેલા જીવરાજ બ્રિજ પર રોંગ સાઈડમાં પસાર થતાં કાર ચાલકે પોતાની સ્ટીયરીંગ પર નિયત્રણ ગુમાવી હતી એન બ્રિજની રેંલીંગ સાથે અથડાતા આ અકસ્માત સર્જાયો હતો. આ ઘટનાની જાણ પોલીસને કરતાં ઘટનાસ્થળે દોડી આવી હતી. સામાન્ય ઈજા થયેલ કાર ચાલકને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે આ ઘટનમાં પોલીસે કોઈ ફરિયાદ દાખલ કરી નથી.


# શામળાજી નજીક જગાબોર ખાતે ૪૦ હજારનો વિદેશી દારૂ ઝડપાયો

શામળાજી, તા. ૧

અરવલ્લી જિલ્લાના શામળાજી નજીક આવેલા જગાબોર પાસેથી શનિવારે રાત્રે પોલીસે કારમાં લવાતો રૂ. ૪૦,૮૦૦નો ૧૯૨ બોટલ વિદેશીદારૂ ઝડપી પાડ્યો હતો. જો કે કારચાલક નાસી છુટ્યો હતો. શામળાજી પોલીસે વિદેશી દારૂ અને કાર મળી કુલ રૂ. ૩,૪૦, ૮૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

શામળાજી પી.એસ.આઈ. આર.ટી. ઉદાવત અને તેમના પોલીસ સ્ટેશનના જવાનો સાથે શનિવારે રાત્રે રતનપુર ચેકપોસ્ટ ઉપર વાહન ચેકિંગમાં હતા તે દરમિયાન ભિલોડા સીપીઆઈ એસ.કે. મોદીને બાતમી મળી હતી કે રાજસ્થાન બાજુથી એક કારમાં વિદેશી દારૂ ભરી અંતરિયાળ જગાબોર રસ્તે થઈ ગુજરાતમાં ઘુસાડવામાં આવનાર છે. જે આધારે શામળાજી પોલીસે દહેગામડા નજીક આવેલા જગાબોર પાસે વોચ ગોઠવી રાજસ્થાન બાજુથી આવતા તમામ વાહનોનું સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. જેમાં કાર (જીજે-૦૧-કેએમ-૯૬૧૭) શંકાસ્પદ જણાતાં તપાસ અર્થે ઉભી રાખી ચકાસણી હાથ ધરતા કારમાં છુપાવીને રાખેલો વિદેશી દારૂની છુટી બોટલો નંગ ૧૯૨ કિંમત રૂ. ૪૦,૮૦૦ની મળી આવી હતી. આથી શામળાજી પોલીસે દારૂ તેમજ કાર કિંમત રૂ. ત્રણ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ કુલ ૩,૪૦,૮૦૦ સાથે ગાડી મુકી ભાગી છુટેલા કારચાલક સામે પ્રોહિબેશન એક્ટ મુજબ ગુનો નોંધી કાર્યવાહિ હાથ ધરી છે.

## શબ્દાવલી - ૫૭૪૮



### આડી ચાવી

- ૧. એક પ્રકારની શીંગો જેનું શાક કે કઢી બને (૪)
- ૫. તગારુ, બકડીયું (૩)
- ૭. રસથી ભરપૂર (૪)
- ૮. 'ક્લીપસ' શબ્દ આડો અવળો (૪)
- ૯. સાચે જ - ખરેખરનું અંગ્રેજી (૩)
- ૧૧. વલોપાત, હાયવોય (૫)
- ૧૩. જ્યાં એક કરતાં વધારે ટ્રેનો આપે તેવું મોટું રેલવે સ્ટેશન(૪)
- ૧૬. ગજાનન, મહાદેવના નાનાપુત્ર (૪)
- ૧૭. દાઝ, ઉત્કટતા (૩)
- ૨૦. એકાગ્ર, લીન (૪)

### ઊભી ચાવી

- ૧. આગતા - સ્વાગતા (૪)
- ૨. પ્રવાહી (૨)
- ૩. ગદા ધારણ કરનાર (૪)
- ૪. યુદ્ધ, લડાઇ અંગ્રેજીમાં(૨)
- ૫. દાવ, ધાક, અંકુશ (૩)
- ૬. નકલ, અસ્સલના જેવું જ પણ નકલી (૫)
- ૮. લીલા, ક્રિડા કે વિલાસપણુ (૩)
- ૧૦. ખરાબગતિ, દશા (૪)
- ૧૨. જમીન, ધરતી (૪)
- ૧૩. જંગલમાં વસનારું (૩)
- ૧૪. નાનકડો અણુ, રજ... (૨)
- ૧૫. સોગંદ, કસમ (૩)
- ૧૮. 'યગ'નું ઊંધું (૨)
- ૧૯. ... ના કોથલા બને છે (૨)

### શબ્દાવલી ૫૭૪૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) ઇલમ (૩) ફારગતિ (૭) માસ્ક (૮) આકાશયાન (૯) નરબલિ (૧૧) રસાકસી (૧૨) રક્તદાન (૧૪) ખટરાગ (૧૬) વાહ (૧૮) મલ (૧૯) વારી (૨૦) વર્ષગાંઠ (૨૧) દાદીમા

**ઊભી ચાવી :-** (૧) ઇમાનદાર (૨) લશ્કર (૩) ફાકા (૪) રશ (૫) ગયા (૬) તિનપાસ (૮) આલિસાન (૧૦) બરદાસ (૧૩) ખરાવાદી (૧૪) ખલ (૧૫) ગરીમા (૧૬) વાવ (૧૭) હર્ષ (૧૮) મઠ

# ભાજપ યુવા મોરચાની પ્રદેશ હોદ્દેદારોની બેઠક યોજાઈ

## યુવા સંવાદ સંમેલન અને બ્લડ ડોનેશન કેમ્પ સહિતના કાર્યક્રમોનું આયોજન

ગાંધીનગર, તા. ૧

ભારતીય જનતા યુવા મોરચાના પ્રદેશ હોદ્દેદારો અને જિલ્લા પ્રભારીઓની બેઠક આજરોજ પ્રદેશ કાર્યાલય, શ્રી કમલમ્ ખાતે યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ શ્રી પ્રદિપસિંહ વાઘેલાની અધ્યક્ષતામાં મળી હતી. આ બેઠકમાં પ્રદેશ મહામંત્રી તથા યુવા મોરચાના પ્રદેશ પ્રભારી શ્રી મનસુખભાઈ માંડવીયા તથા પ્રદેશ સંગઠ્ઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણિયા અને યુવા મોરચાના રાષ્ટ્રીય મહામંત્રી શ્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું.

સમગ્ર રાજ્યમાંથી ઉપસ્થિત યુવા મોરચાના પ્રદેશ હોદ્દેદારો અને જિલ્લા પ્રભારીઓની આ બેઠકમાં યુવા મોરચાના આગામી દિવસોના કાર્યક્રમોનું આયોજન નક્કી કરવામાં આવ્યું હતું. જે અનુસાર તા. ૧૦ જૂન તથા ૧૧ જૂનના રોજ ધારાસભ્યશ્રી તથા સાંસદશ્રીઓએ દત્તક લીધેલા ગામમાં યુવા મોરચા દ્વારા યુવા સંવાદ સંમેલનના માધ્યમથી યુવાનો સાથે સરકારની કામગીરી અંગે સંવાદ યોજવામાં આવશે.

ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી 'બલિદાન દિન' નિમિત્તે યુવા મોરચા દ્વારા સમગ્ર રાજ્યમાં તા. ૨૧ થી ૨૩ જૂન દરમ્યાન બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવશે તથા તા. ૨૩ જૂનના રોજ કર્ણાવતી મહાનગર ખાતે યુવા મોરચા દ્વારા પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુની રક્તતુલાનો કાર્યક્રમ કરવામાં આવશે.

### ઈ-હરાજી યોજાઈ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેની જાણ કરતો પત્ર લખશે અને ત્યારબાદ આખરી બોલી બોલનાર બિડરે તળિયાની કિંમતથી આખરી બોલી વચ્ચેની રકમના દસ ટકા નાણાં ૧૦ દિવસમા જમા કરાવવાના રહેશે. ત્યારબાદ પ્લોટની કિંમત બાકીના ૯૦ દિવસમાં ચુકવવાના રહેશે.

ગાંધીનગરમાં એક દસકા બાદ યોજાયેલી પ્લોટોની હરાજીમાં વાણિજ્ય વિસ્તારના પ્લોટોમાં લોકોએ ભારે ઉત્સાહ દાખવ્યો છે. જો કે રહેઠાણ વિસ્તારના મોટાભાગના પ્લોટોની હરાજી રદ કરવી પડી છે.

### સીમાંકન જાહેર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રાખવામાં આવી છે. તો સોલૈયાની બેઠક અનુ. આદિજાતિ સ્ત્રી માટે અનામત રાખવામાં આવી છે. આજોલ અને બિલોદરાની બેઠકો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની સ્ત્રી માટે બેઠક અનામત રાખવામાં આવી છે.

આજોલ, બિલોદરા, બોરૂ, ચરાડા-૧, ચરાડા-૨, દેલવાડા, ઘમેડા, ધોળાકુવા, હરણાહોડા, ઈન્દ્રપુરા, ઈટાદરા, લાકરોડાની બેઠકો સ્ત્રીઓ માટે અનામત રાખવામાં આવી છે.

ભાજપ-કોંગ્રેસના મહારથીઓ જે વિસ્તારમાંથી આવે છે તે વિસ્તારની બેઠકો મહિલાઓ માટે અનામત બનતાં રાજકારણમાં આ વખતે જંગ ખરાખરીનો બનશે તેમ રાજકીય વર્તુળો માની રહ્યા છે.

તાલુકા પંચાયતમાં વેડા સૌથી નાની બેઠક બને છે જ્યારે વરસોડા બેઠક સૌથી મોટી બેઠક મતદારોની નોંધાયેલી સંખ્યાને લઈ બને છે. હરમાહોડા, પારલા અને વેડામાં સરેરાશ મતદારો કરતાં પણ ૧૫ ટકાની અંદરની ઘટ રહે છે. જ્યારે લાકરોડા, લીંબોદરા, મહુડી, પુંધરા અને વરસોડામાં સરેરાશ મતદારો કરતાં વધ જોવા મળે છે.

### લાગણીનો સંચાર કરે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઈન્ટરનેટનો યુગ છે. સંગીતની દુનિયા આંગળીના ટેરવે આવી ગઈ છે. સારા ગીતો ક્યારેય વધારે સંખ્યામાં હોતા નથી. તેમણે અત્યાર સુધી ૪૭ નંબર વન ગીતો આપ્યા છે. સંગીતક્ષેત્રે દોઢ કાયદાથી વધુ સમયથી સાથે કામ કરતી આ ત્રિપુટીમાં એકબીજાના વિચારોનું સન્માન કરવાની ભાવના છે. તેમની આગામી ફિલ્મ 'દિલધડક' જિન્દગી ના મિલેગી દુબારાની જેમ મેસેજ આપતી મુવી છે. જેમાં પ્રિયંકા ચોપડાએ ખૂબ મહેનત કરી રીયાઝના અંતે પોતાનો અવાજ આપ્યો છે. આ ઉપરાંત આગામી દિવસોમાં તેમની કટ્ટી-બટ્ટી, મિરજા, ઘાયલ-૨ સહીતની ફિલ્મોપણ આવી રહી છે. મિશન કશ્મીર, તારે જમી પર અને કલ હો ન હો જેવી અનેક સુપરહીટ ફિલ્મોમાં આ ત્રિપુટીએ અદ્‌ભૂત ગાયકી અને સંગીતથી સૌના હૃદયમાં સ્થાન મેળવ્યું છે.

# અમદાવાદમાં ઝાડા-ઉલ્ટીના ૮૪૫ કેસોથી ભારે ચકચાર

## કોર્પોરેશન દ્વારા રોગચાળાને રોકવા વિવિધ પગલા છતાં રોગચાળાના કેસમાં વધારો : ટાઈફોઈડના ૧૮૭ મામલા

અમદાવાદ, તા.૧

અમદાવાદ શહેરમાં રોગચાળાએ જોરદાર સકંજો જમાવ્યો છે. મે મહિનામાં ઝાડા-ઉલ્ટીના ૮૪૫ કેસો અને કમળાના ૨૬૨ કેસ નોંધાતા ખળભળાટ મચી ગયો છે.અમદાવાદ શહેરમાં દિવસે ને દિવસે પાણીજન્ય રોગચાળો વકરતો ગયો છે. શહેરના ઘણા બધા વિસ્તારોમાં પ્રદુષિત પાણી આવવાના લીધે લોકોને પ્રદુષિત પાણી પીવું પડે છે જેના લીધે ઝાડા-ઉલ્ટીઅને કમળાના કેસોમાં નોંધપાત્ર વધારો થયો છે. એક જ મહિનામાં ઝાડા-ઉલ્ટીના ૮૪૫ કેસો નોંધાયા છે. તેમજ કમળાના ૨૬૨ કેસો નોંધાયા છે. તેમ છતાં તંત્ર દ્વારા અસરકારક પગલા લેવામાં આવ્યા નથી. શહેરમાં ચારેય બાજુ ખાડા ખોદવાને કારણે પણ ડ્રેનેજ લાઈન અને પાણીની પાઈપલાઈન જોડાઈ જવાના કારણે લોકોને પ્રદુષિત પાણી પીવું પડે છે. તેમજ ટાઈફોઈડના ૧૮૭ કેસો સપાટી પર આવ્યા છે. જાન્યુઆરી થી મે મહિના સુધી ઝાડા-ઉલ્ટીના ૨૮૯૨ કેસો તેમજ કમળાના ૧૨૪૦ કેસો, ટાઈફોઈડના ૮૩૪ અને કોલેરાના ૧૯ કેસો સામે આવ્યા છે ઝાડા-ઉલ્ટીના કેસોમાં એટલી હદે વધારો થતો ગયો છે. કે સરકારી તેમજ ખાનગી દવાખાનાઓ ઝાડા-ઉલ્ટીના દર્દીઓથી ઊભરાઈ ગયા છે. સાથે સાથે મચ્છરજન્ય કેસો ૩૦મે સુધીમાં સાદા મેલેરિયાના ૨૮૫, ઝેરી મેલેરીયાના ૮ અને ડેન્ગ્યુના ૧૭ કેસો સપાટી પર આવ્યા છે. મ્યુનિ.તંત્ર દ્વારા બિન આરોગ્ય પ્રદ પદાર્થનો નાશ કરવામાં આવ્યોછે તેમજ વહીવટી ચાર્જ પણ વસૂલ કરવામાં આવી રહ્યો છે. તેમજ અલગ અલગ જગ્યાએથી ખાદ્ય પદાર્થના નમૂના લઈને તપાસ અર્થે મોકલવામાં આવ્યા છે. તેમાંથી કેટલાક અપ્રમાણિત પણ જાહેર થયા છે.

### સામાન્ય સભા

● અનુસંધાન પહેલાનું ચાલુ

પાર્ટીશન તેમજ તિજોરીની ખરીદીનો પણ નિર્ણય લેવામાં આવનાર છે.

આ બેઠકમાં રાજયના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે મહિલા મુખ્યમંત્રી તરીકે એક વર્ષનો કાર્યકાળ જે સફળતાથી સંપન્ન કરેલ છે તે માટે અભિનંદન આપતો વિશેષ પ્રસ્તાવ પણ પ્રમુખસ્થાનેથી રજુ થશે તેમ મનાઈ રહ્યું છે.

આ બેઠકને લઈ તંત્ર દ્વારા પણ તૈયારીઓ પુરી કરી લેવામાં આવી છે. આજે પંચાયતની વિવિધ સંવર્ગની ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષા હોવાથી પણ તંત્ર પણ તેમાં વ્યસ્ત છે. જો કે આ બેઠક ઔપચારિક અને રૂટીન બેઠક બની રહેશે તેમ રાજકીય નિરીક્ષકો માની રહ્યા છે.

### આજે ડ્રો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત શહેરી વિકાસ સત્તામંડળની નગર રચના નં ૧૩ વાવોલ ખાતે ૬૮૫.૨૯ લાખના ખર્ચે નિર્માણ કરાયેલી સુએજ પમ્પીંગ સ્ટેશન તથા ગંદા પાણીના નિકાલ માટે ૩૯૭.૨૬ લાખના ખર્ચે તૈયાર કરાયેલા ડ્રેઈનેજ નેટવર્કનું લોકાર્પણ કરવામાં આવશે.સે ૧૭ સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે યોજાનારા આ કાર્યક્રમમાં આરોગ્ય મંત્રી નિતિન પટેલ ગુડાના ચેરમેન આશિષ દવે તેમજ સ્થાનિક આગેવાનો હાજર રહેશે.ગુડા વિસ્તારમાં માળખાગત સુવિધાના કામોમાં ઝડપ લાવવા તેમજ આમ નાગરિકોને પાયાની સવલતો આપવાનો અભિગમ વધુ મજબુત બનાવાયો છે.

### નિકાલ કરાયો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેવી ચીજવસ્તુઓમાં પાણી ભરાઈ ન રહે તેમજ લાંબા સમયથી ભરાયેલ પાણીને દૂર કરવા સોર્સ રિડક્શનની કામગીરી અંતર્ગત ૩૬૩૦ જેટલા પાત્રોની ચકાસણી કરવામાં આવી હતી. જેમાંથી ૧૧૪૪ જેટલા નકામા પાત્રોનો નિકાલ કરાયો હતો. જ્યારે ૧૦ જેટલા પાત્રોમાં પોરા જોવા મળતા પોરાનાશક દવાના છંટકાવ સહિતની કામગીરી કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે ટાયર, ફ્રીજની ટ્રે વગેરે જેવી ચીજોમાં પાણી ભરાઈ રહેતા મચ્છરોની ઉત્પત્તિનું જોખમ વ્યાપે છે.